# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૩૧ તા.૬-૭-૧૭

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય :- બાળ ફિલ્મોત્સવ-૨૦૧૭ (તા.૧૦-૭-૧૭ થી ૧૫-૭-૧૭) બાબત.

સંદર્ભ :- ૧.માહિતી અને પ્રસારણ ગાંધીનગરના ક્રમાંક મનર/૧૦૨૦૧૭/૮૨/અ તા.૬-૬-૧૭
૨.ક્રમાંક પ્રાશિનિ/સંકલન/બાળ ફિલ્મોત્સવ/૨૦૧૭/૪૬૯૫-૪૭૪૭ નો તા.૩-૭-૧૭

આથી તમામ મ્યુનિ.શાળાનાં મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્ત્વે જણાવવાનું કે, રાજ્ય સરકારશ્રી દ્વારા રાજ્યભરની સરકારી શાળાઓમાં ધો.૬ થી ૮ (ઉચ્ચ પ્રાથમિક વિભાગ)માં અભ્યાસ કરતા બાળકોનાં પ્રોત્સાહન અને પ્રેરણા અર્થે તા.૧૦-૭-૧૭ થી ૧૫-૭-૧૭ દરમ્યાન 'બાલ ફિલ્મોત્સવ'નું આયોજન કરેલ છે. આ 'બાલફિલ્મોત્સવ' દરમ્યાન આપણાં જિલ્લામાં આવેલ તમામ મલ્ટીપ્લેક્ષ અને સિંગલ સ્ક્રીન સિનેમાઓમાં દરરોજ એક બાળ ફિલ્મ વિનામુલ્યે પ્રદર્શિત કરવાનું વિચારવામાં આવેલ છે. જેમાં નીચે મુજબની ૬ બાલફિલ્મોનો સમાવેશ થાય છે. તમારા ઝોનના બીટ નિરીક્ષક દ્વારા આયોજન કરી સિનેમાગૃહનું નામ, સિનેમાની બેઠક સંખ્યા, સમય અને તારીખ જણાવવામાં આવશે. તે પ્રમાણે મુખ્ય શિક્ષકશ્રીએ નજીકના સિનેમા ઘર સુધી સલમાતી અને સાવચેતીપૂર્વક વિદ્યાર્થીઓને લાવવા અને લઈ જવાની વ્યવસ્થા કરવાની રહેશે. તેનો રિપોર્ટ બીટ નિરીક્ષકશ્રીને આપવાનો રહેશે.

બાળફિલ્મોત્સવ-૨૦૧૭ માટે તારીખવાર નિદર્શન કરવામાં આવેલ ફિલ્મો

| ક્રમ | તારીખ | ચલચિત્રનું નામ | નિર્માતાનું નામ | ચલચિત્રનું વર્ષ |
|---|---|---|---|---|
| ૧ | ૧૦-૭-૧૭ | આઈ એમ કલામ | શાંતનું મિશ્રા અને જિતેન્દ્ર મિશ્રા | ૨૦૧૧ |
| ૨ | ૧૧-૭-૧૭ | સ્ટેનલી કા ડબ્બા | અમોલ ગુપ્તે | ૨૦૧૧ |
| | ૧૧-૭-૧૭ | મસ્તી ખોર - ગુજરાતી | ભરત વ્યાસ | ૨૦૧૬ |
| ૩ | ૧૨-૭-૧૭ | ફેરારી કી સવારી | વિધુવિજુ ચોપડા | ૨૦૧૨ |
| ૪ | ૧૩-૭-૧૭ | જલપરી ધ ડેસર્ટ મરેમેઈડ | સુશીલકુમાર અગ્રવાલ | ૨૦૧૨ |
| ૫ | ૧૪-૭-૧૭ | હવા હવાઈ | અમોલ ગુપ્તે | ૨૦૧૪ |
| ૬ | ૧૫-૭-૧૭ | મીશન મમ્મી-ગુજરાતી | નિગમ શાહ | ૨૦૧૬ |

તા.૬-૭-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી